પોલીસની 'ઝીરો ટોલરન્સ' નીતિ વચ્ચે વધતી ડિમાન્ડ ચિંતાનો વિષય

# વલસાડમાં ડ્રગ્સનો પગપેસારો

**બે** વર્ષમાં ડ્રગ્સના કેસોમાં પાંચ ગણો ઉછાળો, પોલીસે ૧૫.૬ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો

**૨૦૨૪માં** માત્ર ૧૧ કેસ સામે ૨૦૨૭માં આંકડો વધીને ૫૩ પર પહોંચ્યો

**ગંધહીન** નશાની લતે ચડેલા યુવાનોને પકડવા પોલીસ સામે મોટો પડકાર




વલસાડ : શાંત ગણાતા વલસાડ જિલ્લામાં ડ્રગ્સનું નેટવર્ક એટલી ઝડપે પગપેસારો કરી રહ્યું છે કે આંકડાઓ જ આ ભયાનક સ્થિતિની ચાડી ખાય છે. હાલમાં જ પોલીસે પકડેલી ગાંજા યુક્ત કરોડોની ગોળીઓ ચિંતામાં વધારો કરનારી છે.

વલસાડ જિલ્લા પોલીસવડા યુવરાજ સિંહ જાડેજાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૪માં જિલ્લામાં ડ્રગ્સ સંબંધી માત્ર ૧૧ કેસ નોંધાયા હતા, જે વર્ષ ૨૦૨૫માં બમણાથી વધુ થઈને ૨૪ કેસ પર પહોંચ્યા હતા. જ્યારે વર્ષ ૨૦૨૭માં વલસાડ પોલીસે ડ્રગ્સ વિરુદ્ધ આક્રમક અભિયાન ચલાવી અત્યાર સુધીમાં કુલ ૫૩ ગુના દાખલ કરી ૯૮ આરોપીઓની ધરપકડ કરી છે અને ૧૫.૬ કરોડ રૂપિયાથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જિલ્લા પોલીસ ડ્રગ્સ સામે ઝીરો ટોરેન્સ નીતિ અપનાવી રહી છે.

### ડ્રગ્સની વિવિધતા પણ સુરક્ષા એજન્સીઓ માટે લાલબત્તી સમાન

જિલ્લામાં ડ્રગ્સની વિવિધતા પણ સુરક્ષા એજન્સીઓ માટે લાલબત્તી સમાન છે. અગાઉ પકડાયેલા માલસામાનમાં એમડી ડ્રગ્સ (મેફેડ્રોન), ગાંજો અને મોંઘાદાટ હાઇડ્રો ગાંજાનો સમાવેશ થતો હતો, જ્યારે તાજેતરમાં ગાંજાના સક્રિય તત્ત્વો ધરાવતી ખાસ ગોળીઓનો કરોડો રૂપિયાનો જંગી જથ્થો ઝડપાયો છે. પેડલરો હવે યુવાનોને આકર્ષવા માટે અવનવા કેમિકલ ડ્રગ્સ અને ટેબ્લેટ્સ બજારમાં ઉતારી રહ્યા છે. આ પ્રકારના ફેન્સી અને હાઇ-એન્ડ ડ્રગ્સ દર્શાવે છે કે વલસાડ માત્ર ડ્રગ્સની હેરફેરનું ટ્રાન્ઝિટ પોઇન્ટ નથી રહ્યું, પરંતુ અહીં મોટો ગ્રાહક વર્ગ ઊભો થઈ ચૂક્યો છે.

### પોલીસ સામે સૌથી મોટી કટોકટી સેવન કરનારાઓને પકડવાની

આ સમગ્ર દૂષણમાં પોલીસ અને કાયદા અમલીકરણ એજન્સીઓ સામે સૌથી મોટી કટોકટી સેવન કરનારાઓને પકડવાની છે. દારૂ પીધેલી વ્યક્તિના મોંમાંથી આવતી ગંધ કે લથડિયાં ખાતી ચાલ પરથી તેને સરળતાથી પકડી પ્રોહિબિશનનો કેસ કરી શકાય છે, પરંતુ એમડી ડ્રગ્સ કે કેમિકલ ટેબ્લેટ્સ જેવા પદાર્થોમાં કોઈ પ્રકારની વાસ કે ગંધ આવતી નથી. શરીર પર તાત્કાલિક કોઈ દેખીતો બાહ્ય પુરાવો ન દેખાતો હોવાથી યુવાનો પરિવાર કે પોલીસની બીક વગર આવા નશા તરફ ધકેલાઈ રહ્યા છે. વ્યક્તિ જ્યાં સુધી ગંભીર માનસિક કે શારીરિક વિકૃતિનો ભોગ ન બને ત્યાં સુધી તે ડ્રગ્સ લે છે તેની સામાજિક સ્તરે પણ ઓળખ કરવી મુશ્કેલ બની જાય છે.

### વાલીઓની સતર્કતા અને વ્યાપક જાગૃતિ અભિયાન અનિવાર્ય

પોલીસે સપ્લાય ચેઇન તોડવા માટે મોટા પાયે દરોડા પાડી કરોડોનો મુદ્દામાલ પકડ્યો છે, પરંતુ જ્યાં સુધી યુવા પેઢીમાં ફેલાઈ રહેલી આ ઘાતક ડિમાન્ડ પર અંકુશ નહીં આવે ત્યાં સુધી આ લડાઈ અધૂરી રહેશે. વાસ વગરના આ ધીમા ઝેરમાં હોમાતી યુવા પેઢીને બચાવવા માટે માત્ર કાયદાકીય દંડો જ નહીં, પરંતુ વાલીઓની સતર્કતા અને વ્યાપક જાગૃતિ અભિયાન અનિવાર્ય બની ગયા છે.

# ૨૫૦૦ કિલો નશાકારક ગોળીઓનો જથ્થો ઝડપાયો

**છીરી** અને દાદરામાં પોલીસના મેગા ઓપરેશનમાં રૂપિયા ૧૨.૬૭ કરોડની કિંમતના મુદ્દામાલ જપ્ત બે ઝડપાયા

**ઉત્તર** પ્રદેશ અને મુંબઈના સપ્લાયરો વોન્ટેડ જાહેર કરાયા



વાપી : વાપીના છીરી વિસ્તારમાં પોલીસની એન્ટી નાર્કોટિક્સ વિંગ અને એસઓજીએ બાતમીના આધારે દરોડો પાડીને રૂપિયા ૧.૯૩ કરોડની કિંમતનો ૩૮૭.૭૫૦ કિલોગ્રામ શંકાસ્પદ નશાકારક પદાર્થવાળી ગોળીઓનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કેસમાં પકડાયેલા મોહમદ અમીન મોહમદ બાસુ ખાનની પૂછપરછના આધારે પોલીસે દાદરા-લવાછા સ્થિત તેની દુકાન/ગોડાઉન પર વધુ એક રેડ કરી હતી. ત્યાંથી પ્રદીપ ઉર્ફે મન્નુ રામતીર્થ વર્માને ઝડપી લઈને રૂપિયા ૧૦.૭૩ કરોડની કિંમતનો ૨૧૪૭.૩૫ કિલોગ્રામ નશાકારક ગોળીઓનો મસમોટો જથ્થો કબજે કર્યો હતો.

વાપીના છીરી ખાતે આવેલા ગાલામસાલા, અહમદનગરની રઝા ગલીમાં રહેતા મોહમદ અમીન (મૂળ ઝારખંડ)ના મકાનમાં તપાસ કરતા પ્લાસ્ટિકના મોટા કોથળાઓમાંથી પાઉચ ભરેલી નશાકારક ગોળીઓ મળી આવી હતી. એફએસએલની તપાસમાં આ ગોળીઓમાં કેનાબિસના સક્રિય ઘટકો હોવાની પુષ્ટિ થઈ હતી. વધુ પૂછપરછમાં આરોપીએ આ જથ્થો દાદરા-લવાછાના મનુ વર્મા પાસેથી લાવતો હોવાની કબૂલાત કરી હતી. ત્યારબાદ પોલીસે દાદરા સ્થિત દુકાન પર દરોડો પાડી પ્રદીપ વર્માની અટકાયત કરી હતી અને ત્યાંથી પણ કરોડોનો જથ્થો જપ્ત કર્યો હતો.

આ સમગ્ર રેકેટના તાર ઉત્તર પ્રદેશમાં રહેતા અનુરાગ ગુપ્તા અને મહારાષ્ટ્રના મુંબઈમાં રહેતા સલમાન ઇકબાલ સિદ્દીકી સાથે જોડાયેલા હોવાનું ખૂલ્યું છે. પોલીસે બંને મુખ્ય આરોપીઓને ઝડપી પાડીને ઉત્તર પ્રદેશ તથા મુંબઈના બે ઇસમોને વોન્ટેડ જાહેર કર્યા છે. કુલ રૂપિયા ૧૨.૬૭ કરોડથી વધુની કિંમતનો માદક પદાર્થ અને મોબાઈલ ફોન જપ્ત કરીને વાપી ડુંગરા પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધીને આગળની સઘન તપાસ હાથ ધરી છે.

# કાકો-ભત્રીજો કરતા હતા નશાકારક પદાર્થોનો વેપલો

**વાપીના** ડુંગરામાં લેકવ્યુ રેસિડેન્સીમાંથી ૧.૨૧ કરોડની કિંમતનો ૨૪૩ કિલોથી વધુ માદક પદાર્થ ઝડપાયો



વાપી : વાપીના ડુંગરા વિસ્તારમાં આવેલી લેકવ્યુ રેસિડેન્સીના એક ફ્લેટ પર ડુંગરા પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને અંદાજે ૧.૨૧ કરોડ રૂપિયાની કિંમતનો ૨૪૩.૬૭૦ કિલોગ્રામ શંકાસ્પદ માદક પદાર્થ ઝડપી પાડ્યો છે. પોલીસે સ્થળ પરથી કાર્તિક ઉર્ફે પપ્પુ રવિન્દ્ર બિસ્વાલ નામના યુવકની અટકાયત કરી છે, જ્યારે તેના કાકા બનમાલી પ્રભાકર પાતરાને વોન્ટેડ જાહેર કર્યા છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે, ફ્લેટના રસોડા પાસે મીણિયાના થેલાઓમાં ચોકલેટ જેવા રેપરવાળી પડીકીઓમાં આ નશાકારક પદાર્થ છુપાવવામાં આવ્યો હતો. એફએસએલની ટીમે સ્થળ પર આવીને પૃથ્થકરણ કરતા નશાકારક પદાર્થ હોવાની પુષ્ટિ થઈ હતી. પકડાયેલા આરોપી કાર્તિકની પૂછપરછ દરમિયાન ખુલાસો થયો હતો કે આ જથ્થો તેના કાકાએ દસ દિવસ પહેલા જ ફ્લેટમાં મૂક્યો હતો અને બંને મળીને આ જથ્થાનું છૂટક વેચાણ કરતા હતા. પોલીસે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધીને માદક પદાર્થ અને મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા ૧,૨૧,૮૮,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. હાલ પોલીસે ફરાર કાકાને પકડી પાડવા માટેની ચક્રો ગતિમાન કર્યા છે અને સમગ્ર રેકેટની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

દેખીતી રીતે આ બિલ્ડિંગ એટલી જર્જરિત જણાતી નથી

# વલસાડમાં 'દમણગંગા ભવન' જર્જરિત જાહેર

**સરકારી** કચેરીઓ ખાનગી મકાનોમાં શિફ્ટ કરવાની નોબત

**જૂની** બહુમાળી બિલ્ડિંગનું નિર્માણ વર્ષોથી અટવાયેલું છે ત્યારે વધુ એક સરકારી ભવન ખાલી થવાથી નાગરિકોની હાલાકી વધશે




વલસાડ : વલસાડ વહીવટી તંત્ર દ્વારા ભૂતકાળમાં જર્જરિત જાહેર કરાયેલી બહુમાળી બિલ્ડિંગને તોડી પાડવામાં આવી હતી, જેના પગલે ત્યાં ચાલતી અનેક સરકારી કચેરીઓને કામચલાઉ ધોરણે ખાનગી બિલ્ડિંગોમાં સ્થળાંતરિત કરવી પડી હતી.

જૂની બહુમાળી બિલ્ડિંગની જગ્યાએ હજુ સુધી નવું ભવન નિર્માણ પામ્યું નથી, ત્યાં જ શહેરના વધુ એક સરકારી ભવન પર જર્જરિત હોવાનું લેબલ લાગતાં વહીવટી તંત્રમાં દોડધામ મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ, વલસાડ સ્થિત 'દમણગંગા ભવન'ને પણ સત્તાવાર રીતે જર્જરિત જાહેર કરવામાં આવ્યું છે. સ્થાનિક સ્તરે અને દેખીતી રીતે આ બિલ્ડિંગ એટલી જર્જરિત જણાતી નથી, છતાં સુરક્ષા અને સલામતીના ભાગરૂપે આ નિર્ણય લેવાયો હોવાનું સામે આવ્યું છે.

આ બિલ્ડિંગને જર્જરિત જાહેર કરાયા બાદ તેમાં કાર્યરત દમણગંગા પ્રોજેક્ટ સંબંધિત કચેરીઓને હવે તાકીદે ખાનગી સંકુલમાં શિફ્ટ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.



# પારડી પોલીસ સ્ટેશનમાં જપ્ત કરાયેલા 160 વાહનની હરાજી

**'સંજરી** સ્ક્રેપ'ના સંચાલકે રૂપિયા 38.10 લાખની બોલી લગાવી લોટ ખરીદ્યો

પારડી : પારડી પોલીસ મથકે આજરોજ એ.કે. વર્મા, પારડી પીઆઈ વાય. બી. ગોહિલના અધ્યક્ષ સ્થાને વાહનોના હરાજી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં 103 ફોર વ્હીલર અને 57 થ્રી વ્હીલર વાહનોનો સમાવેશ થાય છે. આ હરાજીની પ્રક્રિયામાં કુલ 142 જેટલા વેપારીઓ હાજર રહ્યા હતા અને અલગ-અલગ પ્રકારની બોલીઓ લગાવી હતી.

આ વાહનોના લોટની શરૂઆતની (ઓફસેટ) કિંમત ૧૦ લાખ ૨૦ હજાર રૂપિયા રાખવામાં આવી હતી. ત્યાંથી બોલીની શરૂઆત થઈ હતી. ત્યારે પારડીના 'સંજરી સ્ક્રેપ' ના સંચાલક સઈદ શેખ દ્વારા રૂપિયા 38.10 લાખની બોલી લગાવતા સ્ક્રેપ વાહનો તેમને સોંપી હરાજીની પ્રક્રિયા પૂર્ણ અને ફાઈનલ કરવામાં આવી હતી.

# પારડી હાઈવે પર બાઈક ચાલકનું મોત

પારડી : પારડીના દમણીઝાંપા, પટેલ ફળીયા ખાતે રહેતા શૈલેષ શાહ (ઉં.૬૨) બાઈક નં. GJ-15-DR-0708 લઈને વાપીથી પારડી ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન બગવાડા ટોલનાકા પાસે અજાણ્યા વાહને બાઈકને ટક્કર મારતા શૈલેષભાઈ પટકાતાં મોત નિપજ્યુ હતું. ઘટનાની જાણ થતાં જ મૃતકના પુત્ર અને વકીલ ભાવિક શાહ તેમજ પોલીસ ઘટના સ્થળે આવી હતી. પારડી પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી શોધખોળ શરૂ કરી છે.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**જમીન વેચવાની છે**
ગામ:-કમલાપોર, તા:ડોલવણ, જિ.તાપી
સોલાર લાયક 66 KV નજીક
15.5 વિંઘા જુની શરત
નહેરની બાજુમાં ખેતી માટે ઉત્તમ
મો:9725710000

**વેચવાની છે જગ્યા**
કુવરદા ગામ (કીમ પાસે)
3532 વાર શેડ 8000 sq.ft. 22 feet height
બોઈલર શેડ 800 sq.ft.
RCC ઓફિસ 1600 sq.ft.
કારીગરોની રૂમ સીક્યુરીટી કેબીન 100 KW પાવર
9825511699

**જગ્યા વેચવાની છે**
રૂઘનાથપુરા વરાછા શેરીમાં કોમર્શિયલ,
રેસીડેન્સીયલ, હોસ્પીટલ ડાયમંડ ફેક્ટરી, જરીકામ પ્રોજેક્ટ કરવા લાયક, સુરત.
Call: 99740 05691 93768 26037

**પુરૂષાર્થ**
GST Registration @ 2000 Rs
GST Return @500 Rs PM
Incomtax Return of five Year
9974810262

**શેડ સાથે ગોડાઉન ભાડે આપવાનું છે**
વેર હાઉસ પાર્કિંગ
32x85, 150x45
110 એચ પી પાવર, પાણીની સુવિધા, લેબરને રહેવા માટેની રૂમોની સુવિધા સાથે
ગાયત્રી ઉદ્યોગ નગર, તરસાડી, મહુવા તાલુકો સુરત જિલ્લા
સંપર્ક: +919825309509

**જોઈએ છે**
150 થી 300 ફુટનું ઓફિસ કન્ટેઈનર વેચાણથી
MO. 91515 97171

**વ્યવસાયીક ધંધાકીય**

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. દરેક ઈલેક્ટ્રોનિક્સ વસ્તુ. ટેલીફોન, રીમોટ, મોબાઈલ, કારવાં, રેડિયો, ટેપ, હોમથીયેટર, એમ્પ્લીફાયર, પ્રોજેક્ટર, બાઈક ચાર્જર, ટ્રીમર, કાનના મશીન તાત્કાલિક રીપેરીંગ/ વેચાણ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**હાર્ડવેર, ટૂલ્સ,**
નટ- બોલ્ટ, પ્લાસ્ટિક તારપાઉલીન, G, I, M, S પાઈપ ફિટિંગ, ગ્રીન નેટ, કાથાદોરી, ફાઉન્ડેશન બોલ્ટ, ફિક્સ અને રિંગ પાના, લોખંડ ના હેવી રેક અને ઘોડા તેમજ બિલ્ડિંગ મટીરિયલ સંબંધિત તમામ સામાન મેક્સિમમ ડિસ્કાઉન્ટ માં આપવાનો છે 9898063315

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ચોખ્ખું ઘી મળશે-**
ગીર ગાયનું 9898170075, 9727293311

**ઘારી, ઘારી, ઘારી**
પ્રખ્યાત કેસર બદામ પીસ્તા ઘારી અન્નક્ષેત્રના લાભાર્થે ભાવ રૂ. ૮૨૦ પ્રતિ કિ.ગ્રા અગાઉથી બુકિંગ કરાવો Mo. 9773166510 (372)

**હાર્ડવેર, બિલ્ડીંગ**
મટીરીયલ્સ ની ચાલુ દુકાન, માલ- સામાન, ડેડ સ્ટોક, ભંગાર કરતા સારા ભાવમાં આપવા માટે સંપર્ક કરો. બાબુભાઈ:- 9979952191

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**જુનો સામાન લેવામા**
આવશે જુના AC ચાલુ કે બંધ હાલતમાં, જુના 2- વ્હીલર વાહનો, જુની ઘરઘંટી, તેમજ તમામ પ્રકારનો જુનો સામાન. તમારો જુનો સામાન વેચવા માટે આજે સંપર્ક કરો. Mo. 9316100413

**મિલ્કત લે-વેચ**

**મહિધરપુરા હરિપુરા**
આજુ બાજુ પ્લોટ, મકાન, ફ્લેટ લેવા વેચવા 9879276073

**પ્લોટ, બંગલો, ફ્લેટ**
લેવા વેચવા ઘોડદોડ, સિટીલાઈટ, પીપલોદ, પાર્લેપોઈન્ટ, વેસુ, 9879276073

**વકીલ, CA, આર્કીટેક**
ટ્રાવેલ્સ લાયક ઓફિસ વેચવાની પાર્લે પોઈન્ટ 98792760763

**મિલ્કત વેચવાની છે**

**Weekend Studio flat**
Rajhans Belleza Dumas For Sale Mb 9327166652

**Rajhans texpa**
Baleshwar Industrial Plot For sale 1280 yard. Mb 9327166662

**ભેસાણ બરબોધન**
રોડટચ સોસાયટીમાં 98- વારનો પ્લોટ 32 લાખમાં વેચવાનો 9537677005

**સ્વાતી સોસાયટી**
(ચીકુવાડી) વરાછા પ્લોટ વેચવાનો છે. 270 થી 300 વાર. 9687580001

**2.15 વિંઘા ઈન્ડસ્ટ્રીયલ**
Zone જમીન વેચવાની છે. ગામ: ટેના રાંગ. Mo. 9687580001

**NA Plan Pass**
12 વિંઘા જમીન વેચવાની છે. ગામ: પંડવાઈ (કોસંબા) 9687580001

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિઘા) ગામ: કાળા વ્યારા, કણજા 9687580001

**કોમર્શિયલ ઓફિસ**
વેચવાની છે પીરામિડ આઈકન, ઉગટ રોડ, પાલનપુર જકાતનાકા,સુરત ખાતે રેડી-ટુ-મૂવ ઓફિસો વેચવાની છે. ઓફિસ નં. 402: 1770 ચો.ફૂટ ઓફિસ નં. 403: 2436 ચો.ફૂટ સુવિધાઓ: ડેડિકેટેડ પાર્કિંગ, એલિવેટર, UPS બેકઅપ, AC અને પ્રાઈવેટ વોશરૂમ. પ્રાઈમ લોકેશન, મેટ્રો લાઈન નજીક. સંપર્ક: 9726009242

**રેસ્ટોરન્ટને લગતો**
કિચનનો સામાન તથા ટેબલ ખુરશી વેચવાના છે 6353661511

**અડાજણ T.P 10**
1890 સ્કેફિટનો ફ્લેટ વેચવાનો. 9601662923

**1 BHK. ફ્લેટ**
વેચવાનો. 25 લાખ. ફુલ્લી ફર્નિચર સાથે, ત્રીજો માળ, ડીમાર્ટની બાજુમાં, અડાજણ. 9909601200

**વેચવાનુ છે**
કડોદરા ૩૬૦૦૦ વાર એને ફેક્ટરી ૪૦૦ x ૨૦૦ ફુટ શેડ ડોમ ૪૦ ફૂટ હાઈટ પાવર ૧૨૦૦ કેવી જી.પી. સી.પી. પાણી મીઠુ પેપર મીલ ડાઈંગ લાયક MO. 8200006737

**વેચવાનુ છે**
(1) પાંડેસરા જીઆઈડીસી ૩૦૦૦ વાર ૧૨૦૦ વાર પ્લોટ શેડ. (2) સચીન જી.આઈ.ડી.સી ૧૦૦૦૦ મીટર ૫૦૦૦ મીટર ૩૦૦૦ મીટર ૧૦૦૦ મીટર (3) હોઝીવાલા શેડ પ્લોટ ડોમ (4) ઉધના સંઘ ૧૨૦૦ વાર ૬૦૦ વાર ૩૦૦ વાર પ્લોટ શેડ ડોમ ડાઈંગ હાઉસ રનીંગ પાણી મીઠુ Mo. 8200006737

**દુકાન/ ઓફિસ**
નં. ૧૦૯ પહેલો માળ, કાર્પેટ એરિયા ૨૮૦ ચો.ફુટ, ફોર્ચ્યુન હાઈસ્ટ્રીટ, મધુવન સર્કલ પાસે, એલ. પી. સવાણી રોડ, અડાજણ, પાલ, 9426119868

**મક્કાઈપુલ, અડાજણ**
405 વારનો પ્લોટ વેચવાનો. દલાલ માફ. 9601662923

**નોકરી વિષયક**

**પાર્ટ ટાઈમ જોબ**
સવારે 9 થી 2 રોડ ઉપર નાસ્તાનું કાઉન્ટર સાંભળવાનું પગાર- 8000 9106715389 (સુરતનાં રહેવાસી એજ ફોન કરવો) (378)

**વરાછાના રેપ્યુટેડ**
બીલ્ડરને સારા બાંધકામ લાઈનના અનુભવી સ્ટાફ જોઈએ. વરાછા માટે. સાઈટ સુપરવાઈઝર- 4, સાઈટ એન્જીનીયર- 3. 9909150537

**હાર્ડવેરની દુકાનમા**
કામ કરવા માટે માણસ જોઈએ છે. Mo. 9898063315

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**30 વર્ષ જૂના જાણીતા**
રાજુમોદી. દિવાળીમાં કેરેલા,મુનાર, ઠેકડી, એલેપી, કોવલમ, પુવાર, જટાયુ, કન્યાકુમારી, રામેશ્વર, કોડાયકેનાલ, દિવસ 13, સ્ટારગ્રેડ હોટલ, બ્રેકફાસ્ટ, ડિનર, સુરતથી સુરત. 9374512979 (379)

**મહાદેવ ટુર એન્ડ**
ટ્રાવેલ્સ. દિવાળીમાં (ઉજ્જૈન), (દ્વારકા), (ભીમાશંકર), (અષ્ટવિનાયક), (શિરડી), (સફેદરણ) 7802062340 (380)

**પ્રથમ ટ્રાવેલર્સ.**
દિવાળી પ્રવાસ. રોયલ રાજસ્થાન, ખાટુશ્યામ, સાંવરિયા શેઠ, સાલાસર, બાલાજી, જેસલમેર, ગોવા, મહાબળેશ્વર. વિજય પારેખ, કતારગામ. 9825344459.

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
53 વર્ષમાં પ્રવેશ, રેલ્વે 2x2 AC બસ દ્વારા દિવાળીમાં પ્રવાસો, (1) દક્ષિણ ભારત, હૈદ્રાબાદ, શ્રીશૈલમ, તિરૂપતિ, રામેશ્વર, ઉંટી, માયસોર, બેંગ્લોર. દિવસ- 14. તારીખ- 11/ 11, (ફક્ત 9 સીટ બાકી) અને 24/ 11 (ફક્ત 7 સીટ બાકી) (2) બનારસ, અયોધ્યા, નેપાળ, મુક્તિનાથ. તારીખ- 24/ 12, દિવસ-12. દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, બ્રેક ફાસ્ટ, લંચ, ડીનર સાથે, મળો: દિપકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934.

**કચ્છ રણોત્સવ**
જાણીતું, માનીતું નામ કિંજલ શાહ સંગાથે માણો કચ્છ રણોત્સવ- સફેદ રણ. કચ્છ, ભુજ/ માતાનો મઢ સાથે માંડવી (જુજ સીટ બાકી) JOY ENJOY TRAVEL PLANNER (KINJAL SHAH) 9426157371.

**ઓમશિવ ટ્રાવેલ્સ**
બેસતુવર્ષ (તિરૂપતિ બાલાજી, રામેશ્વરમ, શ્રીશૈલમ, કન્યાકુમારી, મૈસુર) (કચ્છ, માંડવી, સફેદરણ, માતાનોમઢ, કોટેશ્વર, મોગલધામ) (ઉદેપુર, જયપુર, ચિતૌડગઢ, ખાટુશ્યામ, શ્રીનાથજી, માઉન્ટઆબુ) (હરિદ્વાર, ગોકુલ, મથુરા, વૃંદાવન, બરસાણા) (જોધપુર, જેસલમેર, જુનારણુજા) ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

**મિલ્કત ભાડેથી**

**વેલુક દાંડી રોડ પર**
1750 વારનુ ફાર્મ હાઉસ ભાડેથી આપવાનું છે. Mo. 9662140043

**મિલ્કત ભાડે -વેચાણ**

**વેસુમાં ઓફિસ**
ભાડે અથવા વેચાણ માટે આપવાની છે. મો.- 9825675679

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.